**E MAIL NO-14** **DATE-11/11/2013**

**પોલીસ અધિક્ષકની કચેરી ખેડા-નડીયાદ**

**જિલ્લા પોલીસ ગેઝેટ નં.૪૦/૨૦૧૩**

**તા.૩૦/૦૯/૨૦૧૩ થી તા.૦૬/૧૦/૨૦૧૩ સુધી**

## (૧) રજા વિભાગ

**(૧૧૧૬) ક્રમાંકઃમકમ/ઇ.એસ.ટી-૪/૨૧૭૩૧/૧૩ તા.૦૩/૧૦/૨૦૧૩**

પોલીસ વાયરલેસ વર્કશોપ નડીયાદ ખાતે ફરજ બજાવતાં રે.ઓ. બાલકૃષ્ણ જી.રબારીનાઓની વિદેશ પ્રવાસ (કેન્યા તથા કેનેડા) જવાના કારણસર ઉક્ત વંચાણે લીધા (૧) પોલીસ મહાનિરીક્ષક અને કમિશ્નરશ્રી, તકનિકી સેવાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંકઃબી-૧/વિદેશપ્રવાસ/એનઓસી/રે.ઓ./૪૪૪૪/૧૩ તા.૨૫/૦૯/૨૦૧૩માં જણાવેલ શરતોને આધિન રહી તા.૦૬/૧૦/૨૦૧૩ થી તા.૦૨/૦૨/૨૦૧૪ સુધી દિવસ ૧૨૦ની પ્રાપ્ત રજા મંજુર કરવામાં આવેલ છે.

**(૧૧૧૭) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/પ્રા.રજા/વ.૨૧૩૭/૧૩/૨૧૮૨૯ તા.૦૪/૧૦/૨૦૧૩**

નીચે જણાવેલ પોલીસ કર્મચારીની તેમના નામ સામે જણાવ્યા મુજબની પ્રાપ્ત રજા મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | હોદ્દો | નામ/બ.નં./પો.સ્ટે. | રજા માંગવાનું કારણ | રજાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ઇલેક્ટ્રીશીયન ગ્રેડ-૨ | શ્રી બી.એ.પાટીલ, એમ.ટી.શાખા ખેડા | ધાર્મિક કામ અર્થે | છુટા થયા તારીખથી દિન-૩૦ ની પ્રાપ્ત રજા |

**(૧૧૧૮) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/બિ.પ./વ.૨૧૮૩૦/૨૦૧૩ તા.૦૪/૧૦/૨૦૧૩**

ખેડા હેડકવાટર્સ ખાતે ફરજ બજાવતાં આ.પો.કો. રઘુભાઇ હરીભાઇ બ.નં.૧૦૨નાઓને કિડનીમાં દુઃખાવો રહેતો હોવાથી દિન-૪૫ની વગર પગારી રજા મંજુર કરવા આમુખના રીપોર્ટથી જણાવેલ હોઇ, મજકુર આ.પો.કો.ની તા.૦૩/૧૦/૨૦૧૩ થી તા.૧૬/૧૧/૨૦૧૩ દિન-૪૫ની વગર પગારી રજા મંજુર કરવામાં આવેલ છે.

**(૧૧૧૯) ક્રમાંકઃમકમ/૪/૨૯૦/એસબી/વ.૨૧૪૯/૨૦૧૩/૨૧૯૨૪ તા.૦૫/૧૦/૨૦૧૩**

ખેડા (નગર) પો.સ્ટે. ખાતે ફરજ બજાવતાં અ.પો.કો. મહંમદઆસીફ અબ્દુલરશીદ બ.નં.૯૦૭નાઓની ધર્મપત્નિને બીજી પ્રસુતિ થનાર હોય તેની સારસંભાળ રાખવા માટે પોતાની હાજરીની જરૂરી હોય પિતૃત્વ રજાની માગણી કરેલ છે.

૨/- જી.સી.એસ.આર.ના નિયમ-૭૦ હેઠળ બે કરતાં ઓછા બાળકો ધરાવતાં પરૂષ સરકારી કર્મચારીને તેની પત્નીના પ્રસુતિ સમયે દિન-૧૫ની પિતૃત્વ રજા મળવાપાત્ર છે. જેથી આ નિયમ હેઠળ મજકુર પો.કો.ની છુટા થયા તારીખથી દિન-૧૫ ની પિતૃત્વ રજા મંજુર કરવામાં આવેલ છે.

## (૨) બદલી વિભાગ

**(૬૦) ક્રમાંકઃમકમ/એસબી-૩/૨૧૬૦૨/૨૦૧૩ તા.૦૧/૧૦/૨૦૧૩**

ડ્રા.આ.પો.કો. જયંતિભાઇ મણીભાઇ બ.નં.૫૯૭ એમ.ટી વિભાગ, પોલિસ મુખ્ય મથક, ખેડાનાઓની પદરના ખર્ચે વિભાગીય પોલિસ અધિકારીશ્રી નડીયાદ વિભાગ, નડીયાદની કચેરી ખાતે બદલી કરવામાં આવેલ છે.

## (૩) શિક્ષા વિભાગ

**(૭૪) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૧૫૧૧/૨૦૧૩ તા.૩૦/૦૯/૨૦૧૩**

હું મકરંદ ચૌહાણ, પોલીસ અધિક્ષક, ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો-૧૯૫૬ના નિયમ-૩ માં મને મળેલ સત્તાની રૂએ, આર્મ પો.કો. જીતેન્દ્રકુમાર રમણલાલ બ.નં.૫૭ નોકરી ડાકોર પો.સ્ટે.નાઓને વંચાણે લીધા (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૯૭૬૦/૨૦૧૩ તા.૦૪/૦૯/૨૦૧૩ થી ફરમાવેલ સીધી કારણદર્શક નોટીસ

" સાબિત" રહેતી હોઇ, તેઓને " રૂ.૩૫૦૦/- (અંકે રૂપીયા ત્રણ હજાર પાંચસો પુરા)" રોકડ નાણાકિય દંડની શિક્ષા કરવામાં આવેલ છે.

**(૭૫) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૧૫૧૩/૨૦૧૩ તા.૩૦/૦૯/૨૦૧૩**

હું મકરંદ ચૌહાણ, પોલીસ અધિક્ષક, ખેડા-નડીયાદ મુંબઇ પોલીસ (શિક્ષા અને અપીલ) નિયમો-૧૯૫૬ના નિયમ-૩ માં મને મળેલ સત્તાની રૂએ, આર્મ પો.કો. રઇજીભાઇ નરોત્તમભાઇ બ.નં.૫૭૧ નોકરી પોલીસ મુખ્ય મથક, ખેડાનાઓને વંચાણે લીધા (૧) અત્રેની કચેરીના યાદી ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૨૨૯૨૧/૨૦૧૨ તા.૦૭/૧૧/૨૦૧૨ થી ફરમાવેલ તહોમતનામા અંતર્ગત વંચાણે લીધા (૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/૧૫૭૭૯/૨૦૧૩ તા.૧૨/૦૭/૨૦૧૩ થી ફરમાવેલ કારણદર્શક નોટીસ " સાબિત" રહેતી હોઇ, તેઓને પોલીસ ખાતામાંથી આ હુકમ મળ્યા તારીખથી " **બરતરફ** " કરવાની શિક્ષા કરવામાં આવેલ છે.

**(૭૬) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/ફ.મો./૨૧૯૧૯/૨૦૧૩ તા.૦૫/૧૦/૨૦૧૩**

તમો આર્મ પો.કો.લતીફખાન મહંમદખાન પઠાણ બ.નં.૫૬૦ નોકરી પોલીસ મુખ્ય મથક, ખેડાનાઓએ ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે, જેની હકીકત નીચે મુજબ છેઃ

તમારી પોલીસ મુખ્ય મથક, ખેડા ખાતે આર્મ પો.કો. તરીકેની ફરજ દરમ્યાન તમો તથા આર્મ પો.કો. બાબુભાઇ તળજાભાઇ બ.નં.૦૪૯, પોલીસ મુખ્ય મથક, ખેડાનાઓ એક પાળીમાં જયારે નડીયાદ ગ્રામ્ય પો.સ્ટે.ના આ.પો.કો નરસિંહભાઇ કોદરભાઇ બ.નં.૬૭૨ તથા આ.પો.કો.રાજેશભાઇ મગનભાઇ બ.નં.૦૩૬૪નાઓની બીજી પાળીમાં બિલોદરા જિલ્લા જેલ ખાતે ઇમરજન્સી સારવાર ગાર્ડ તરીકે ફરજ હતી તે દરમ્યાન બિલોદરા જિલ્લા જેલના કાચા કામના કેદી ચેતન ઉર્ફે માધો રમણભાઇ રાઠોડ રહે.રવદાવત તા.કપડવંજ જિ.ખેડાનાઓ તા.૧૨/૦૭/૨૦૧૩ ના રોજ બિમાર થઇ જતાં તેને સિવિલ હોસ્પિટલ નડીયાદ ખાતે સારવાર માટે દાખલ કરેલ હતો જે દરમ્યાન તા.૧૫/૦૭/૨૦૧૩ ના રોજ ક.૦૦/૦૦ થી આ કેદીના જાપ્તામાં તમારી ફરજ હતી તે દરમ્યાન તમારી સાથેના આર્મ પો.કો. બાબુભાઇ તળજાભાઇ બ.નં.૦૪૯, પોલીસ મુખ્ય મથક, ખેડાનાઓને તમોએ કોઇ પણ ઉપરી અધિકારીશ્રીની કોઇ પણ પ્રકારની રજા મંજૂરી સિવાય ફરજનું સ્થળ છોડવા માટે પરવાનગી આપેલ અને ત્યાર બાદ સવારના આશરે ક.૦૭/૪૫ વાગે સદર કેદીને ઝાડા થઇ ગયેલ હોઇ જાજરૂ જવા માટે જણાવતા કેદી વોર્ડના સંડાસમાં પાણી આવતું ન હોઇ, તમો એકલા કેદીને લઇને ભોંઇતળીયાના સંડાસ ખાતે લઇ આવતા કેદી સંડાસના દરવાજાની સ્ટોપર અંદરથી બંધ કરી પાછળની બારીમાંથી ભાગી ગયેલ. આમ, સદર કાચા કામનો કેદી દોઢ કરોડ જેવી માતબર રકમની ઘરફોડ ચોરીનો આરોપી હોઇ, તેની ઇમરજન્સી સારવાર ગાર્ડની ફરજ દરમ્યાન વિશેષ તકેદારી રાખવાની જરૂર હોવા છતાં આ કેદીને કેદીના વોર્ડમાંથી પુરતી સુરક્ષા સિવાય બહાર કાઢી ભોંઇતળીયાના સંડાસ ખાતે લઇ જઇ સંડાસના દરવાજાની સ્ટોપર બંધ ન કરવા દેવાનું તમો જાણતા હોવા છતાં સ્ટોપર બંધ કરવા દેતા કેદીને સંડાસની પાછળની બારીમાંથી ભાગી જવાની તક મળેલ. આમ, તમોએ તમારી કેદી જાપ્તાની ફરજ પ્રત્યે દાખવેલ બેદરકારી તથા નિષ્કાળજીના કારણે કેદી ભાગી જતાં આ કામે તમોએ તા.૧૫/૦૭/૨૦૧૩ ના રોજ ક.૧૨/૧૦ વાગે ફરીયાદ આપતાં નડીયાદ (શહેર) પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૧૦૨/૨૦૧૩ ઇ.પી.કો કલમ ૨૨૪,૨૨૫(ક) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ અને આ ગુના સબબ તમોને તા.૧૭/૦૭/૨૦૧૩ ના રોજ ક.૦૯/૩૦ વાગે અટક કરવામાં આવેલ છે.

૨/- " કેદી જાપ્તાની ફરજોમાં ચીવટ રાખવી જોઇએ. કેદી ઉપર ભરોસો રાખવો જોઇએ નહી." તેવું તમો જાણતા હોવા છતાં, કેદી જાપ્તા જેવી અગત્યની ફરજ દરમિયાન તમોએ કેદીની વાતમાં આવી જઇ સમય સુચકતા નહીં વાપરી કેદીના અંગત સ્વાર્થ ખાતર તમોએ કેદીને ભોંયતળીયાના સંડાસ ખાતે લઇ જઇ, તમારી ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારી, નિષ્કાળજી અને ઘોર ઉપેક્ષા સેવેલ હોઇ, તમારા વિરૂધ્ધની ખા.ત.નો નિકાલ ન આવે ત્યાં સુધી અગર તો પુનઃનિયુકતનો હુકમ ન થાય ત્યાં સુધી હુકમ મળ્યા તારીખથી તમોને ફરજ મોકુફ કરવામાં આવે છે અને તમારૂં ફરજ મોકુફી સમયનું મુખ્ય મથક **"કપડવંજ (ગ્રામ્ય) પો.સ્ટે."** નક્કી કરવામાં આવે છે.

૩/- ફરજ મોકુફીના પ્રથમ છ માસ દરમિયાન તમો અર્ધપગારી રજા ઉપર હોય તો તમોને જે પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ તમોને નિર્વાહભથ્થા તરીકે મળશે.

૪/- ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ (જોઈનીંગ ટાઈમ ફોરેન સર્વિસ વિ.) ના પ્રકરણ-૫ ના નિયમ-૬૮ અનુસાર ચુકવવામાં આવેલ નિર્વાહ ભથ્થાના દર પર મળવાપાત્ર રકમ જેટલું મોંઘવારી ભથ્થું તેમજ નિયમોનુસાર અન્ય મળવાપાત્ર ભથ્થા મળશે.

૫/-	ફરજ મોકુફીના સમય દરમ્યાન તમો પોલીસ અમલદાર મટી જતા નથી, જે તમોએ ધ્યાનમાં રાખવું અને તમારી ફ.મો.કર્યા પહેલાની પોલીસ ખાતાની તમામ જવાબદારીઓ શિસ્ત અને નિયમને પાત્ર રહેશે. પરંતુ પોલીસ અમલદાર તરીકે સત્તાઓ, કર્તવ્ય અને હક્કો ફ.મો.ના સમય દરમ્યાન મોકુફ કરવામાં આવે છે.

૬/-	ફરજ મોકુફીના સમય દરમ્યાન તમારૂ મુખ્ય મથક કપડવંજ (ગ્રામ્ય) પો.સ્ટે. રહેશે. મુખ્ય મથક છોડવાના પ્રસંગે સક્ષમ અધિકારીને પુરૂ સરનામું આપવાનું રહેશે તથા જાણ કર્યા સિવાય મુખ્ય મથક છોડવામાં આવશે તો તે સમય માટે તમોને નિર્વાહ ભથ્થું ચુકવવામાં આવશે નહી.

૭/-	ગુજરાત સેવા વર્તણુંક નિયમો ૧૯૭૧ ના નિયમ-૧૫ ની જોગવાઈની દ્રષ્ટિએ ફરજ મોકુફીના સમય દરમ્યાન કોઈ ખાનગી નોકરી ધંધો કરી શકાશે નહી. જો ફરજ મોકુફીના સમય દરમ્યાન નોકરી ધંધો કરશે તો તે ગેરવર્તણુંક બદલ ગુનેગાર ઠરશો અને તમારા વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવાને પાત્ર થશે અને નિર્વાહ ભથ્થું મેળવવાનો હક્ક પણ ગુમાવશો.

**(૭૭) ક્રમાંકઃતપસ/૩૧૦/એસબી/ફ.મો./૨૧૯૨૦/૨૦૧૩ તા.૦૫/૧૦/૨૦૧૩**

તમો આર્મ પો.કો. બાબુભાઇ તળજાભાઇ બ.નં.૦૪૯ નોકરી પોલીસ મુખ્ય મથક, ખેડાનાઓએ ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારી અને નિષ્કાળજી દાખવેલ છે, જેની હકીકત નીચે મુજબ છેઃ

તમારી પોલીસ મુખ્ય મથક, ખેડા ખાતે આર્મ પો.કો. તરીકેની ફરજ દરમ્યાન તમો તથા આર્મ પો.કો.લતીફખાન મહંમદખાન પઠાણ બ.નં.૫૬૦, પોલીસ મુખ્ય મથક, ખેડાનાઓની એક પાળીમાં જયારે નડીયાદ ગ્રામ્ય પો.સ્ટે.ના આ.પો.કો નરસિંહભાઇ કોદરભાઇ બ.નં.૬૭૨ તથા આ.પો.કો.રાજેશભાઇ મગનભાઇ બ.નં.૦૩૬૪નાઓની બીજી પાળીમાં બિલોદરા જિલ્લા જેલ ખાતે ઇમરજન્સી સારવાર ગાર્ડ તરીકે ફરજ હતી તે દરમ્યાન બિલોદરા જિલ્લા જેલના કાચા કામના કેદી ચેતન ઉર્ફે માધો રમણભાઇ રાઠોડ રહે.રવદાવત તા.કપડવંજ જિ.ખેડાનાઓ તા.૧૨/૦૭/૨૦૧૩ ના રોજ બિમાર થઇ જતાં તેને સિવિલ હોસ્પિટલ નડીયાદ ખાતે સારવાર માટે દાખલ કરેલ હતો જે દરમ્યાન તા.૧૫/૦૭/૨૦૧૩ ના રોજ ક.૦૦/૦૦ થી આ કેદીના જાપ્તામાં તમારી ફરજ હતી તે દરમ્યાન તમારી સાથેના આર્મ પો.કો.લતીફખાન મહંમદખાન પઠાણ બ.નં.૫૬૦ પોલીસ મુખ્ય મથક, ખેડાનાઓને મૌખિક જાણ કરી, તમો કોઇ પણ ઉપરી અધિકારીશ્રીની કોઇ પણ પ્રકારની રજા મંજૂરી સિવાય ફરજનું સ્થળ છોડી ચાલ્યા ગયેલ અને ત્યાર બાદ સવારના આશરે ક.૦૭/૪૫ વાગે સદર કેદીને ઝાડા થઇ ગયેલ હોઇ જાજરૂ જવા માટે જણાવતા કેદી વોર્ડના સંડાસમાં પાણી આવતું ન હોઇ, આર્મ પો.કો.લતીફખાન મહંમદખાન પઠાણ બ.નં.૫૬૦નાઓ એકલા જ આ કેદીને લઇને ભોંઇતળીયાના સંડાસ ખાતે લઇ આવતા, કેદી સંડાસના દરવાજાની સ્ટોપર અંદરથી બંધ કરી પાછળની બારીમાંથી ભાગી ગયેલ. આમ, સદર કાચા કામનો કેદી દોઢ કરોડ જેવી માતબર રકમની ઘરફોડ ચોરીનો આરોપી હોઇ, તેની ઇમરજન્સી સારવાર ગાર્ડની ફરજ દરમ્યાન વિશેષ તકેદારી રાખવાની જરૂર હોવા છતાં તમો કોઇ પણ ઉપરી અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી સિવાય ફરજનું સ્થળ છોડી ચાલ્યા ગયેલ. જેના કારણે કેદીને ભાગી જવાની પુરતી તક મળેલ છે. આમ, તમોએ તમારી કેદી જાપ્તાની ફરજ પ્રત્યે દાખવેલ બેદરકારી તથા નિષ્કાળજીના કારણે કેદી ભાગી જતાં આ કામે આર્મ પો.કો.લતીફખાન મહંમદખાન પઠાણ બ.નં.૫૬૦નાઓએ તા.૧૫/૦૭/૨૦૧૩ ના ક.૧૨/૧૦ વાગે ફરીયાદ આપતાં નડીયાદ (શહેર) પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૦૨/૨૦૧૩ ઇ.પી.કો કલમ ૨૨૪,૨૨૫(ક) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ અને આ ગુના સબબ તમોને તા.૧૭/૦૭/૨૦૧૩ ના ક.૦૯/૩૦ વાગે અટક કરવામાં આવેલ છે.

૨/-	" કેદી જાપ્તાની ફરજોમાં ચીવટ રાખવી જોઇએ. કેદી ઉપર ભરોસો રાખવો જોઇએ નહી." તેવું તમો જાણતા હોવા છતાં, કેદી જાપ્તા જેવી અગત્યની ફરજ દરમિયાન તમોએ કોઇ પણ ઉપરી અધિકારીશ્રીની કોઇ પણ પ્રકારની રજા મંજૂરી સિવાય તમારી સાથેના પો.કો.કક્ષાના પોલીસ કર્મચારીને માત્ર મૌખિક જાણ કરી ફરજનુ સ્થળ છોડી, તમારી ફરજ પ્રત્યે ગંભીર પ્રકારની બેદરકારી, નિષ્કાળજી અને ઘોર ઉપેક્ષા સેવેલ હોઇ, તમારા વિરૂધ્ધની ખા.ત.નો નિકાલ ન આવે ત્યાં સુધી અગર તો પુનઃનિયુકતનો હુકમ ન થાય ત્યાં સુધી હુકમ મળ્યા તારીખથી તમોને ફરજ મોકુફ કરવામાં આવે છે અને તમારૂં ફરજ મોકુફી સમયનું મુખ્ય મથક **"કપડવંજ (ગ્રામ્ય) પો.સ્ટે."** નક્કી કરવામાં આવે છે.

૩/-	ફરજ મોકુફીના પ્રથમ છ માસ દરમિયાન  તમો અર્ધપગારી રજા ઉપર હોય તો તમોને જે પગાર મળવાપાત્ર થાય તેટલી રકમ તમોને નિર્વાહ ભથ્થા તરીકે મળશે.

૪/-	ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ (જોઈનીંગ ટાઈમ ફોરેન સર્વિસ વિ.) ના પ્રકરણ-૫ ના નિયમ-૬૮ અનુસાર ચુકવવામાં આવેલ નિર્વાહ ભથ્થાના દર પર મળવાપાત્ર રકમ જેટલું મોંઘવારી ભથ્થું તેમજ નિયમોનુસાર અન્ય મળવાપાત્ર

ભથ્થા મળશે.

૫/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તમો પોલીસ અમલદાર મટી જતા નથી, જે તમોએ ધ્યાનમાં રાખવું અને તમારી ફ.મો.કર્યા પહેલાની પોલીસ ખાતાની તમામ જવાબદારીઓ શિસ્ત અને નિયમને પાત્ર રહેશે. પરંતુ પોલીસ અમલદાર તરીકે સત્તાઓ, કર્તવ્યો અને હક્કો ફ.મો.ના સમય દરમિયાન મોકુફ કરવામાં આવે છે.

૬/- ફરજ મોકુફીના સમય દરમ્યાન તમારૂ મુખ્ય મથક કપડવંજ (ગ્રામ્ય) પો.સ્ટે. રહેશે. મુખ્ય મથક છોડવાના પ્રસંગે સક્ષમ અધિકારીને પુરૂ સરનામું આપવાનું રહેશે. તથા જાણ કર્યા સિવાય મુખ્ય મથક છોડવામાં આવશે તો તે સમય માટે તમોને નર્વાહભથ્થુ ચુકવવામાં આવશે નહી.

૭/- ગુજરાત સેવા વર્તણુંક નિયમો ૧૯૭૧ ના નિયમ-૧૫ ની જોગવાઈની દ્રષ્ટિએ ફરજ મોકુફીના સમય દરમ્યાન કોઈ ખાનગી નોકરી ધંધો કરી શકાશે નહી. જો ફરજ મોકુફીના સમય દરમ્યાન નોકરી ધંધો કરશે તો તે ગેરવર્તણુંક બદલ ગુનેગાર ઠરશો અને તમારા વિરૂધ્ધ ખાતારાહે પગલાં લેવાને પાત્ર થશે અને નિર્વાહ ભથ્થું મેળવવાનો હક્ક પણ ગુમાવશો.

**<u>(૪) ઇજાફા-બઢતી વિભાગ</u>**

**---------------------------------------નીલ-------------------------------------**

**<u>(૫) ઇનામ વિભાગ</u>**

**---------------------------------------નીલ-------------------------------------**

**<u>(૬) રાજીનામું/નિમણુંક/નિવૃત/અન્ય વિભાગ</u>**

**(૧૦૪) ક્રમાંકઃમકમ/એસબી-૩/૨૧૪૯૮/૨૦૧૩ તા.૦૩/૦૯/૨૦૧૩**

ખેડા જીલ્લાના પોલીસ મુખ્ય મથક, ખેડા ખાતે ફરજ બજાવતાં હથિયારી લો.ર.પો.કો. જગતસિંહ બાદરસિંહ બ.નં.૦૩૭૬નાઓ તા.૦૩/૦૯/૨૦૧૩ના રોજ અવસાન પામેલ હોવાથી તેઓનું નામ ખેડા જીલ્લા પોલીસ દળમાંથી દિલગીરી સહ કમી કરવામાં આવેલ છે.

**(૧૦૫) ક્રમાંકઃમકમ/એસબી-૩/૨૧૪૯૯/૨૦૧૩ તા.૩૦/૦૯/૨૦૧૩**

ખેડા જીલ્લાના ડાકોર પો.સ્ટે. ખાતે ફરજ બજાવતાં અ.હે.કો. રતનસિંહ ચંદુભાઇ બ.નં:૧૬૬૬નાઓ તા.૧૨/૦૯/૨૦૧૩ના રોજ અવસાન પામેલ હોવાથી તેઓનું નામ ખેડા જીલ્લા પોલીસ દળમાંથી દિલગીરી સહ કમી કરવામાં આવેલ છે.

**(૧૦૬) ક્રમાંકઃમકમ/એસબી-૩/વયનિવૃત/૨૦૧૩/૨૧૫૦૧ તા.૩૦/૦૯/૨૦૧૩**

અત્રેના જીલ્લાના વસો પો.સ્ટે. ખાતે ફરજ બજાવતાં અનાર્મ એ.એસ.આઇ ડાહ્યાભાઇ જેઠાભાઇ બ.નં.૧૨૪૭ની તા.૧૫/૦૯/૨૦૧૩ના રોજ ૫૮ વર્ષની વય પુરી કરતાં હોવાથી વય નિવૃતિના કારણે તેઓને તા.૩૦/૦૯/૨૦૧૩ના રોજ કચેરી સમય બાદથી સરકારી સેવામાંથી નિવૃત કરવામાં આવેલ છે.

**(૧૦૭) ક્રમાંકઃમકમ/એસબી-૩/સ્વૈ.નિ./૧૩/૨૧૫૦૦ તા.૩૦/૦૯/૨૦૧૩**

અત્રેના જીલ્લાના પોલીસ મુખ્ય મથક, ખેડા (હાલ એસ.સી/એસ.ટી.સેલ ખેડા-નડીયાદ) ખાતે ફરજ બજાવતાં અનાર્મ હે.કો. અંબાલાલ કાનજીભાઇ બ.નં.૧૪૫૨નાઓએ ખેડા જીલ્લા પોલીસ દળમાંથી સ્વૈચ્છિક નિવૃત થવા વિનંતી કરતાં વંચાણે લીધા (૨) નિયામકશ્રી, પેન્શન અને પ્રાવિડન્ટ ફંડ ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર

ક્રમાંકઃડીપીપી.સ્વૈ.નિ.પ્રVRS/PR-1/012574/09/2013 તા.૦૭/૦૯/૨૦૧૩ આધારે મંજુરી મળતા તા.૩૦/૦૯/૨૦૧૩ના રોજ કચેરી સમય બાદથી ખેડા જીલ્લા પોલીસ દળમાંથી સ્વૈચ્છિક નિવૃત કરવામાં આવેલ છે.

**(૧૦૮) ક્રમાંકઃમકમ/એસબી-૧/પોસઇ/એડહોક બઢતી/૨૧૫૦૩/૨૦૧૩ તા.૩૦/૦૯/૨૦૧૩**

વંચાણે લીધા અત્રેની કચેરીના ક્રમાંકઃમકમ/એસબી-૧/એડહોક બઢતી/૨૯૮૯૬/૨૦૧૨ તા.૨૬/૧૨/૨૦૧૨ થી નીચે જણાવેલ બિન હથિયારી એ.એસ.આઇનાઓને તા.૩૦/૦૯/૨૦૧૩ સુધી કાર્યકારી પો.સ.ઇ તરીકે હંગામી ધોરણે બઢતી આપવામાં આવેલ છે. તેઓને ઉક્ત હુકમ અન્વયે તા.૩૦/૦૯/૨૦૧૩ કચેરી સમય બાદથી તેમના મુળ હોદ્દા (એ.એસ.આઇ.) ઉપર ઉતારવામાં આવે છે અને તેમના નામ સામે જણાવેલ પો.સ્ટે./કચેરી ખાતે નિમણુંક આપવામાં આવેલ છે.

| અ. નં. | નામ/બ.નં./હોદ્દો | હાલનું પો.સ્ટે./કચેરી | નિમણૂકનું પો.સ્ટે./કચેરી |
|---|---|---|---|
| ૧ | એ.એસ.આઇ.હરીભાઇ શકરાજી બ.નં.૮૯૩ | નડીયાદ (શહેર) પો.સ્ટે. | નડીયાદ (શહેર) પો.સ્ટે. |
| ૨ | એ.એસ.આઇ.લાલાભાઇ સરદારભાઇ બ.નં.૯૨૮ | લીવ રીઝર્વ પોલીસ અધિક્ષકની કચેરી નડીયાદ | નડીયાદ (ગ્રામ્ય) પો.સ્ટે. |
| ૩ | એ.એસ.આઇ.સોમાભાઇ લાલુભાઇ બ.નં.૯૬૫ | ઠાસરા પો.સ્ટે. | નડીયાદ (શહેર) પો.સ્ટે. |
| ૪ | એ.એસ.આઇ.મનસુખભાઇ કાનજીભાઇ બ.નં.૯૬૬ | નડીયાદ (શહેર) પો.સ્ટે. | નડીયાદ (શહેર) પો.સ્ટે. |

**સહિ/-**
**(કે.એન.રાજપુત)**
કચેરી અધિક્ષક
પોલીસ અધિક્ષકની કચેરી
ખેડા-નડીયાદ

**પ્રતિ,**

જીલ્લાના તમામ પોલીસ અમલદારો તરફ/તમામ સી.પી.આઇ./રીપોસઈ ખેડા હેકવા./તમામ શાખા

**નકલ રવાનાઃ-** મદદનીશ પો.અધિ.શ્રી નડીયાદ/ના.પો.અધિ.કપડવંજ/મુ.મ.ખેડા-નડીયાદ
હિસાબી શાખા (૪ પ્રત)/ડીપીજી.